જેલ ખાતામાં કચેરી અધિક્ષક(વર્ગ-૩)ની જગ્યા કરારના ધોરણે ફીકસ પગારથી ભરવા બાબત..

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૦૮/૫૧૨૨/જ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ ૧૪/03/૨૦૧૩**

**વંચાણે લીધાઃ**(૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫, તા.૦૪-૦૬-૨૦૦૯.

(૨) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૧૯/૨૦૦૯/સીઆરઆર/૧૧-૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫, તા.૦૪-૦૬-૨૦૦૯

(૩) ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૬/૨૦૧૨/જલમ/૫૦૨૦૦૮/૫૧૨૨/જ, તા.૧૪/03/૨૦૧૩.

## ઠરાવઃ-

આમુખમાં ક્રમાંકઃ(૩)માં દર્શાવેલ ગૃહ વિભાગના તા.૧૪/03/૨૦૧૩ના જાહેરનામાથી જેલ ખાતામાં કચેરી અધિક્ષક(વર્ગ-૩)ની જગ્યા માટેના ભરતી નિયમો બહાર પાડવામાં આવેલા છે તથા ક્રમાંક(૨)માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૦૯ના જાહેરનામાથી કરાર આધારે નિમણૂક અંગેની જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ ૧૯૬૭માં કરવામાં આવેલ છે.આ ભરતી નિયમની જોગવાઇ મુજબ સીધી ભરતીથી કચેરી અધિક્ષક(વર્ગ-૩)ની જગ્યા પર નિમણૂક પામેલ ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારિત નિમણૂક ફીકસ પગારથી આપવાની રહે છે. આ નિમણૂક આપવાની શરતો અને બોલીઓ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતમાં આમુખમાં ક્રમાંકઃ(૧) પર દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૦૬-૨૦૦૯ના ઠરાવથી વર્ગ-૩ની જગ્યા ઉપર કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂકો આપવામાં આવે તેવા સંબંધિત કર્મચારીઓની કરારીય સમયગાળા માટેની સેવાની શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત ઠરાવેલ છે, તે ધ્યાને લઇ જેલ ખાતાના કચેરી અધિક્ષક(વર્ગ-૩)ની જગ્યા સીધી ભરતીથી ભરવામાં આવે ત્યારે પ્રથમ પાંચ વર્ષના સમયગાળા માટેની કરારની બોલીઓ અને શરતો આ સાથે સામેલ **પત્રક-૧**માં દર્શાવ્યા મુજબ નિયત કરવામાં આવે છે.

આ નિમણૂકો નામદાર સુપ્રિમકોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી.નં. ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચૂકાદાને આધિન રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૦૬/03/૨૦૧૩થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(ધીમંત એ. પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

- મહામહીમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર **(પત્ર દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- તમામ જેલ અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલ, જિલ્લા જેલ, સબ જેલ, ખાસ જેલ, ઓપન જેલ.
  **(મારફતેઃ જે.ઇ.જ.શ્રી, અમદાવાદ)**
- આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ.પ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન ઓફીસર સિલેક્ટ ફાઇલ / નાયબ સેકશન ઓફીસર સિલેક્ટ ફાઇલ / સિલેક્ટ ફાઇલ.

ગૃહ વિભાગના તા. ૧૪/૦૩/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૦૮/૫૧૨૨/જ, નું બિડાણ

## પત્રક-૧

### જેલ ખાતામાં કચેરી અધિક્ષક વર્ગ-૩ની જગ્યા ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવેલ કર્મચારીની સેવાની શરતો અને બોલીઓ.

### સેવાની શરતો અને બોલીઓઃ-

(૧) શ્રી/શ્રીમતી/કુ...........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને જેલ ખાતામાં કચેરી અધિક્ષક વર્ગ-૩ની જગ્યા પર રૂ.૧૦,૦૦૦/-ના માસિક ફીકસ પગારથી તા.........................થી કરાર આધારે નિમણૂક આપવામાં આવે છે. આ કરારીય નિમણૂકનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે. આ નિમણૂક નામદાર સુપ્રિમકોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી. નં. ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચૂકાદાને આધિન રહેશે.

(૨) આ પ્રકારે નિમણૂક મેળવનાર ઉમેદવારને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઇ લાભો મળવાપાત્ર રહેશે નહીં કે આવા ઉમેદવારો આવા લાભોની માંગણી કરી શકશે નહીં.

(૩) આ પ્રકારે નિમણૂક મેળવનાર ઉમેદવારે પત્રક-૨ પ્રમાણેની બાહેંધરી આપવાની રહેશે.

(૪) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમિયાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણાં વિભાગના તા.૧૯/૦૯/૨૦૦૨ના પરિપત્ર ક્રમાંકઃમસભ/૧૦૨૦૦૨/૧૧૮૦/ચ ની જોગવાઇ મુજબ મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

(૫) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજાઓ મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના વેતનની કપાત ફીકસ પગારમાંથી કરી લેવામાં આવશે. પરંતુ, મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમોની જોગવાઇઓ મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૬) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર કર્મચારીની કરારીય સેવાનો સમયગાળો નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણૂકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

(૭) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવારે તેમના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૮) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવારે સામાન્ય રીતે કચેરી સમય દરમિયાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ, તેમ છતાં સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૯) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવાર પાસેથી કરારના નિમણૂકના સમયગાળા દરમિયાન ગુજરાત રાજય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ તે મુજબ વર્તણૂંક કરે તે અપેક્ષિત છે.

(૧૦) ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારની કામગીરીનું કરારીય સમયગાળા દરમિયાન દર વર્ષે તુરતના ઉપરી અધિકારી દ્વારા આ સાથેના સામેલ પત્રક-૩માં મૂલ્યાંકન કરવામાં આવશે અને સંબંધિત સમીક્ષા કરનાર અધિકારી દ્વારા આવા મૂલ્યાંકનની સમીક્ષા કરવામાં આવશે પરંતુ એક વર્ષ કરતાં ઓછો ફરજનો સમયગાળો હોય તો ફરજના સમયગાળાની કોઇપણ પ્રકારની અવધિને બાધ આવ્યા સિવાય જે તે

ઉમેદવારનું મૂલ્યાંકન સંબંધિત તુરતના ઉપરી અધિકારીએ સંબંધિત ઉમેદવારે તેમના તાબામાં જે સમયગાળા માટે ફરજો બજાવી હોય તેને ધ્યાને લઇ કરવાનું રહેશે અને તદનુસાર તેની સમીક્ષા કરવાની રહેશે.

**(૧૧)** ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારના સમયગાળા બાદ કચેરી અધિક્ષક, વર્ગ-૩ની જગ્યા ઉપર તે જગ્યાના પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦/-ના નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૧) ફીકસ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૨) ફીકસ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવારે કરારના સમયગાળા દરમિયાન કચેરી અધિક્ષકની જગ્યાની પૂર્વસેવા તાલીમ અને પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા પસાર નહીં કરે તો તથા નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પસાર નહીં કરે તો આવા ઉમેદવારને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવામાં આવશે નહીં અને તેની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

**(૧૨)** કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવેલ ઉમેદવારને ઉપરોક્ત ક્રમાંકઃ(૧૧)ની જોગવાઇ મુજબ કરારના સમયગાળા બાદ કચેરી અધિક્ષક સંવર્ગના નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવામાં આવશે ત્યારેઃ-

(૧) કચેરી અધિક્ષક સંવર્ગના પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ના નિયમિત પગારધોરણમાં લઘુત્તમ પગાર રૂ.૯૩૦૦/- તથા ગ્રેડ પે રૂ.૪૪૦૦/-ના તબકકે પગાર તથા અન્ય નિયમોનુસારના ભથ્થાઓ મળવાપાત્ર થશે.

(૨) ભરતી કરનાર એજન્સી દ્વારા ભલામણ કરવામાં આવેલ ક્રમાનુસાર કચેરી અધિક્ષકની જગ્યાના ભરતી નિયમોની જોગવાઇઓને આધિન કચેરી અધિક્ષકની જગ્યા ઉપર જે તારીખે નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવામાં આવે તે તારીખને લક્ષમાં લઇ તેમને કચેરી અધિક્ષક સંવર્ગમાં પ્રવરતા મળવાપાત્ર રહેશે.

(3) પ્રવરતા જે તારીખથી મળશે તે તારીખથી સંબંધિત ઉમેદવારને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગુ પડશે.

**(૧૩)** જગ્યાના અભાવે કે પ્રથમદર્શી રીતે પ્રસ્થાપિત થતી ગંભીર ગેરવર્તણૂંકના કારણોસર અથવા સંબંધિત જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય) કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીકસ પગારનું ચૂકવણું કરી નોટીસ આપવા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. આ પ્રકારે કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવાર કરારીય સમયગાળા દરમિયાન એક માસની નોટીસ અથવા રાજીનામુ મંજૂર થયા બાદ છૂટા થઇ શકશે. પરંતુ, કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારે જો પૂર્વ સેવા તાલીમ અન્વયે બોન્ડ આપેલ હોય તો તે બોન્ડની રકમ પણ ચૂકવવાની રહેશે.

**(૧૪)** કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક થયા બાદ આ નિયમોમાં કોઇપણ પ્રકારના સુધારા વધારા થાય તો કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારને તેવા સુધારા લાગુ પડશે.

# પત્રક-૨

# બાંહેધરી

આથી હું નીચે સહી કરનાર શ્રી...............................................................................
રહેવાસી..........................................................................................................................
જણાવું છું કે ગૃહ વિભાગના તા.૧૪/03/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:જલમ/૫૦૨૦૦૮/૫૧૨૨/જ થી નિયત કરવામાં આવેલ કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક અંગેની સેવાની શરતો અને બોલીઓ મેં વંચાણે લીધેલ છે અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણપણે કબૂલ મંજૂર છે તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણૂક મેળવવા તથા જેલ ખાતામાં કચેરી અધિક્ષકની(વર્ગ-3) તરીકેની નિમણૂકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં, તે સાથે સંમત છું અને કરાર આધારે ફીક્સ પગારથી જેલ ખાતામાં કચેરી અધિક્ષકની(વર્ગ-3) તરીકેની નિમણૂકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભોની હું માગણી કરીશ નહીં.

ઉપરોક્ત બાંહેધરી હું કોઇપણ જાતના દાબ-દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુદ્ધ બુદ્ધિથી કરુ છું અને તે મને કબૂલ મંજૂર છે અને તે બદલ આજરોજ હું નીચે સહી કરી નિમણૂક સત્તાને સુપ્રત કરું છું.

સ્થળ:-
તારીખ:-

.......................................
નિમણૂક મેળવનાર ઉમેદવારની સહી

સ્થળ:-
તારીખ:-

.............................કચેરીના વડા/મહેકમની
કામગીરી સંભાળતા અધિકારી(વર્ગ-૨ કે તેથી
ઉપરની કક્ષાના)ની સહી

સ્થળ:-
તારીખ:-

(૧)............................................................
(૨)...........................................................
સાક્ષીની સહી

**પત્રક-૩**

કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારની કામગીરીનું
મૂલ્યાંકન અહેવાલનું પત્રક.
ભાગ-૧
મૂલ્યાંકન અધિકારીની નોંધ.

વિભાગ/કચેરીનું નામઃ-

કરાર આધારે ફીકસ પગારથી જે જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવી હોય તે જગ્યાનું નામ :-

અહેવાલનો સમયગાળો તારીખ .........................થી ..............................

| | | |
|---|---|---|
| ૧. | કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારનું નામ | :- |
| ૨. | જન્મ તારીખ | :- |
| ૩. | કરાર આધારે ફીકસ પગારથી પ્રથમ નિમણૂકની તારીખ | :- |
| ૪. | કરાર આધારે ફીકસ પગારથી હાલની જગ્યા પરની નિમણૂકની તારીખ | :- |
| ૫. | ફરજ પરની ગેરહાજરીની મુદત | :- |
| ૬. | અહેવાલના સમયગાળા દરમ્યાન મેળવેલ તાલીમ અને પરીક્ષા પાસ કર્યાની વિગતો | :- |
| ૭. | અહેવાલના સમયગાળા દરમ્યાન કરેલ કામગીરીની ટૂંકમાં વિગતો | :- |
| ૮. | લખાણમાં વિચારોની સ્પષ્ટતા અને અભિવ્યક્તિના સામર્થ્ય અંગેનું મૂલ્યાંકન | :- |
| ૯. | (અ) ગુજરાતીમાં નોંધ અને મુસદ્દા લેખન બાબતનું મૂલ્યાંકન | :- |
| | (બ) અંગ્રેજી ભાષામાં નોંધ અને મુસદ્દા લેખન બાબતનું મૂલ્યાંકન | :- |
| ૧૦. | સરકારના નીતિ નિયમો, કાયદાઓ તથા કોર્ટ કેસોના ચૂકાદાઓની જાણકારી મેળવવા બાબતેની અભિરુચિ | :- |

૧૧. પહેલવૃત્તિ, સૂઝ અને જવાબદારી ઉપાડવાની તત્પરતા અંગેનું મૂલ્યાંકન :-

૧૨. કમ્પ્યુટરનો જરૂરી ઉપયોગ કરે છે ? :-

૧૩. ઝડપી અને પક્વ નિર્ણયો લેવાની શક્તિ અંગેનું મૂલ્યાંકન :-

૧૪. સાથી કર્મચારીઓ/અધિકારીઓ અને જાહેર જનતા સાથેના સંબંધો સહિત ચારિત્ર્ય અને સ્વભાવ અંગેનું મૂલ્યાંકન :-

૧૫. પ્રામાણિકતા અંગેનું મૂલ્યાંકન :-

૧૬. અહેવાલના સમયગાળા દરમિયાન કોઇ વિશિષ્ટ કામ કર્યું હોય તો તેની વિગતો અને તે બાબત અંગેનું મૂલ્યાંકન :-

૧૭. અહેવાલના સમયગાળા દરમ્યાન કોઇ શિક્ષા થયેલ હોય તો તેની વિગતો :-

૧૮. ઉપર્યુક્ત તમામ મુદ્દાઓને લક્ષમાં લઇ એકંદર મૂલ્યાંકન :-

સ્થળ:-

તારીખ:-

............................................

અહેવાલ લખનાર અધિકારીની સહી

નામ (મોટા અક્ષરે) ............................

હોદ્દો ........................................

ભાગ-૨

<u>સમીક્ષક અધિકારીની નોંધ</u>

૧. અહેવાલ લખનાર અધિકારીનું મૂલ્યાંકન આપ સંપૂર્ણપણે સ્વીકારો છો ? જો ન સ્વીકારતા હોય તો જે બાબતમાં આપ સંમત ન થતા હો તે બાબતમાં જે તે કોલમમાં આપનું મૂલ્યાંકન દર્શાવો. :-

૨. પ્રામાણિકતા વિશેનું અહેવાલ લખનાર અધિકારીનું મૂલ્યાંકન આપ સ્વીકારો છો ? જો ન સ્વીકારતા હો તો આપનું મૂલ્યાંકન દર્શાવો. :-

૧૮. એકંદરે મૂલ્યાંકન :-

સ્થળ:-

તારીખ:-

............................................

અહેવાલ લખનાર અધિકારીની સહી

નામ (મોટા અક્ષરે) ............................

હોદ્દો ........................................